સંમેલનમાં બુથ પ્રમુખોને મંચ પર સ્થાન આપી કાર્યકર્તા આધારિત સંગઠનની ભૂમિકા પર ભાર મૂક્યો

# પાવાગઢ ખાતે મહાકાળી મંદિરના દર્શન સાથે ભાજપ પ્રદેશ અધ્યક્ષનો પંચમહાલ પ્રવાસ

મહાકાળી મંદિર દર્શન અને કાલોલ ખાતે કાર્યકર્તા સંમેલન યોજાયું

(પ્રતિનિધિ)હાલોલ / કાલોલ તા.11 ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત પંચમહાલ જિલ્લાના પ્રવાસે આવેલા જગદીશભાઈ વિશ્વકર્માએ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના પ્રાચીન અને પવિત્ર મંદિરમાં દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી એકાત્મ માનવદર્શન અને અંત્યોદયના વિચાર અંગે પોતાની વાત રજૂ કરી હતી. પાવાગઢ અને કાલોલ વિસ્તારના બુથ પ્રમુખોના નિવાસસ્થાને જઈ પરિવારજનો સાથે મુલાકાત કરી તેમણે ચા-નાસ્તો તથા ભોજન લીધું હતું. કાલોલ ખાતે કૃપાલુ આશ્રમમાં યોજાયેલા કાર્યકર્તા સંમેલનમાં તેમણે બુથ પ્રમુખોને મંચ પર સ્થાન આપી કાર્યકર્તા આધારિત સંગઠનની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. સંમેલનને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે, 450 વર્ષ પછી પાવાગઢમાં મહાકાળી માતાજીના મંદિરે ધજા ચઢાવવાનો પ્રસંગ કેન્દ્ર સરકારના કાર્યકાળ દરમિયાન સાકાર થયો છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી દ્વારા પવિત્ર યાત્રાધામોના વિકાસ સાથે સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે ભાજપની કાર્યપદ્ધતિ અંગે જણાવ્યું કે, પાર્ટી માત્ર ચૂંટણી માટે નહીં પરંતુ જનસેવા માટે કાર્ય કરે છે.





ગ્રામ વિકાસ, વીજળી, આવાસ, મહિલા સશક્તિકરણ અને ગરીબ કલ્યાણ જેવી યોજનાઓના અમલનો ઉલ્લેખ કરતાં તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ દરેક ઘર સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ તથા જિલ્લા સ્તરના પદાધિકારીઓ, લોકપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાગૃત નાગરિક દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત

# સંજેલી ગ્રામ પંચાયતમાં સરકારી રેકોર્ડ સાથે તલાટી દ્વારા કથિત છેડછાડના આક્ષેપો

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 સંજેલી ગ્રામ પંચાયતના રેકોર્ડમાં ગોટાળા અને પૈસા લેવડદેવડના પુરાવાઓની સાથે જાગૃત નાગરિકદ્વારા જિલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવેલ રજૂઆત કરવામાં આવી છે. વધુમાં જાણવા મળ્યા પ્રમાણે, તલાટી દ્વારા ઘરવિહોણા લાભાર્થીને મકાન નામે કરવા માટે ૨૦ હજાર રૂપિયાની લાંચ માગવામાં આવી હોવાનું ઓડિયો અને વીડિયો ક્લિપ વાયરલ થયા છે. આ સાથે ઉરકુંજઈ ચેટના સ્ક્રીનશોટ પણ સામે આવ્યા છે, જેમાં તલાટી અરજદારને કામ થઈ જશે કહી આશ્વાસન આપતો નજરે પડે છે. અરજદારને ઓનલાઈન સિસ્ટમમાંથી વેરા પોચ અને આકારણી કાઢી આપવામાં આવી હતી, પરંતુ ત્રણ મહિના બાદ રેકોર્ડમાં નામ ગાયબહોવાનું સામે આવતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. કમ્પ્યુટર ચેક કરતા અન્ય વ્યક્તિનું નામ દાખલ થયેલું જોવા મળ્યું, જેના કારણે નામ ફેરફાર અને રેકોર્ડ ચેડાની શંકા મજબૂત બની છે.

સંજેલી માંડલી રોડ પાછળના મકાનને અન્ય વ્યક્તિના નામે કરી રોકડી કરવામાં આવી હોવાનું પણ ખુલાસો થયો છે. હવે પ્રશ્ન એ છે કે તલાટીએ નામ ફેરફાર કેમ કર્યો? અને આ પાછળ કોના આશીર્વાદથી આ કારસ્તાન ચાલતું હતું? જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પંચાયતના રેકોર્ડની તપાસ શરૂ કરી તલાટી સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

26 વર્ષીય એકના એક પુત્રના નિધનથી પરિવારમાં માતમ

# કાલોલના ઘોડા ગામે ખેતરમાં દવા છાંટતા યુવકનું વીજ કરંટથી કરુણ મોત

(પ્રતિનિધિ) કાલોલ,તા.11 કાલોલ તાલુકાના ઘોડા ગામે આજે એક હૃદયદ્રાવક અકસ્માતમાં ખેતરમાં દવા છાંટતા 26 વર્ષીય યુવકનું વીજ કરંટ લાગવાથી કરુણ મોત નિપજ્યું છે. પરિવારના એકના એક આશાસ્પદ પુત્રના અકાળ અવસાનથી પરિવાર પર જાણે આભ ફાટ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે, જ્યારે સમગ્ર ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.



મળતી માહિતી મુજબ, ઘોડા ગામના વતની હર્ષકુમાર રાજુભાઈ પટેલ (ઉ.વ. 26), જે કાલોલ નગરપાલિકાના ફાયર વિભાગમાં નોકરી કરતા હતા, તેઓ આજે સવારે વાડીનાથ મંદિરની બાજુમાં આવેલા લકુવાળા ખેતરમાં હિતેશકુમાર ગોરધનભાઈ પટેલ સાથે દિવેલાના પાકમાં દવા છાંટવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન ખેતર પરથી પસાર થતો વીજ લાઈનનો તાર કોઈ કારણસર તૂટીને નીચે પડ્યો હતો. દવા છાંટવાની કામગીરીમાં વ્યસ્ત હર્ષકુમારનું ધ્યાન ન રહેતા જીવંત વીજ તાર તેમના ગળાના ભાગે અડી ગયો હતો. તાર ચાલુ હાલતમાં હોવાથી તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. સાથે કામ કરતા હિતેશકુમારે તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તારથી છૂટકારો ન મળતા હર્ષકુમારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને મૃતકને ફોર વ્હીલ વાહનમાં કાલોલની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. હર્ષકુમાર તેમના માતા-પિતાના એકના એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. યુવકના મોતના સમાચાર મળતા જ પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો હતો. ખેતરોમાંથી પસાર થતા જર્જરિત વીજ તારોને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ગરબાડામાં ભીલ સમાજ સંમેલન માટે નોતરા પલાળવાની વિધિ

# 14 ફેબ્રુઆરીએ આદર્શ લગ્ન બંધારણ અમલ માટે મહાસંમેલન

41 ગામોમાં આમંત્રણ પાઠવાશે; સમાજના તમામ વર્ગને મોટી સંખ્યામાં હાજર રહેવા આહવાન

(પ્રતિનિધિ) ગરબાડા, તા.11 ગરબાડા તાલુકાની ભીલ સમાજ પંચ સંકલન સમિતિની તારીખ 8-2-2026ના રોજ મળેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આવનારી તારીખ 14-2-2026, શનિવારે સવારે 11:30 કલાકે ગરબાડા હાટ બજાર ખાતે સમગ્ર તાલુકા સ્તરે ભીલ સમાજ સંમેલન યોજાશે. વર્ષ 2026 માટે આદર્શ લગ્ન બંધારણના અમલ તેમજ નવા ઠરાવો અંગે માર્ગદર્શન આપવા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન માટે સમાજના દરેક વર્ગના લોકો વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહે તે હેતુથી આજરોજ સમાજના પ્રમુખના નિવાસસ્થાને આદિવાસી પરંપરા મુજબ નોતરા પલાળવાની વિધિ યોજાઈ હતી. આ વિધિ ગરબાડા તાલુકાના સર્વોચ્ચ સ્થાન ધરાવતા પુજારા રમેશભાઈ બિલવાલના હસ્તે સંપન્ન કરવામાં આવી. આ નોતરા તાલુકાના તમામ 41 ગામોમાં પહોંચાડવામાં આવશે. ગામ પંચના આગેવાનો, સરપંચો, તાલુકા અને જિલ્લા સભ્યો, ગ્રામ પંચાયત સભ્યો, ધારાસભ્ય, કર્મચારીગણ, આશા અને આંગણવાડી વર્કરો તેમજ દરેક ગામના પટેલ, પુજારા અને કોટવાળ સહિત સમાજના તમામ વર્ગોને સંમેલનમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવશે.

પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# દેવગઢબારીયા સબ જેલમાંથી પોકસોનો ફરાર આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો

(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા.11 દેવગઢ બારીયા સબ જેલમાંથી ફરાર થયેલા પોકસો એક્ટ હેઠળના સેશન્સ ટ્રાયેબલ ગુનાના આરોપીને દાહોદ જિલ્લા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે.

દેવગઢ બારીયા સબ જેલમાંથી ફરાર થયેલા આરોપી મનોજભાઈ ભરતભાઈ કટારા (ઉ.વ. 22), રહે. હાથીયાવન, તા. લીમખેડા, જી. દાહોદ સામે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોપી લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં. 1049/2025 ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 173(2), 87, 64(2)(એમ), 65(1), 351(3) તેમજ પોકસો એક્ટની કલમ 4 અને 6 હેઠળના ગુનામાં વર્ષ 2025થી દેવગઢ બારીયા સબ જેલમાં કેદ હતો.તા. 08/02/2026ના રોજ આરોપી જેલમાંથી ફરાર થતાં દેવગઢ બારીયા પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ-એ ગુ.ર.નં. 0173/2026 ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 262 મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.ફરાર આરોપીને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લા LCB, SOG, પેરોલ-ફર્લો સ્ક્વોડ તેમજ લીમખેડા ડિવિઝનની વિવિધ પોલીસ ટીમોને સક્રિય કરવામાં આવી હતી. જેમાંથી આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો.મનોજભાઈ ભરતભાઈ કટારા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. દેવગઢ બારીયા પોલીસ સ્ટેશન દ્વારા જેલમાંથી ફરાર થવાની ઘટનાને લઈ વધુ તપાસ ચાલુ છે.



# તહેવારોને અનુલક્ષીને પશ્ચિમ રેલવે દ્વારા બે જોડી સુપરફાસ્ટ સ્પેશીયલ ટ્રેનો ચલાવાશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 પશ્ચિમ રેલવે દ્વારા દરેક તહેવારોએ લોકોને મુસાફરીમાં તકલીફ ન પડે તે માટે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવે છે તે જ રીતે પશ્ચિમ રેલવે દ્વારા આવનારા તહેવારોને અનુલક્ષીને તારીખ ત્રણ માર્ચ અને ૭ માર્ચથી બે જોડી સુપરફાસ્ટ ટ્રેન ચલાવાશે.

આ બે પૈકી એક સુપરફાસ્ટ ટ્રેનનુ સ્ટોપેજ દાહોદમાં પણ હોવાથી જિલ્લાના લોકોને મુસાફરીમાં સુગમતા રહેશે. પશ્ચિમ રેલવે દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર આવનારા માર્ચ મહિનામાં વિવિધ તહેવારો આવનાર છે અને તેના કારણે મુસાફરોનો ઘસારો આ સમય દરમિયાન ટ્રેનમાં સવિશેષ રહે છે.

આ બાબત ધ્યાને લઈ પશ્ચિમ રેલવે દ્વારા બે જોડી સુપર ફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે તેમાં ટ્રેન નંબર ૦૨૨૦૦ બાંદ્રા ટર્મિનસથી વિરાગના લક્ષ્મીબાઈ ઝાંસી ટ્રેન તારીખ સાતમાં રોજ સવારના પાંચ દસ કલાકથી બાંદ્રાથી ઉપડશે.

આ ટ્રેન બોરીવલી, વાપી, ઉધના, ભરૂચ વડોદરા ગોધરા દાહોદ રતલામ નાગદા ઉજ્જૈન મક્ષી બિયાવરા રાજગઢ, ચાચુરા, બીના ગંજ રૂચીયાઇ ગુના શિવપુરી ગ્વાલિયર ડાબરા અને દતીયા સ્ટેશન બીજે દિવસે સવારે પાંચ કલાકે પહોંચશે તેમજ ટ્રેન નંબર ૨૧૯૯ વિરાગના લક્ષ્મીબાઈ ઝાંસી રેલવે સ્ટેશનથી તારીખ ૫ માર્ચના રોજ બપોરના ચાર-પચાસ કલાકે ચાલશે અને બાંદ્રા ટર્મિનલ બીજા દિવસે બપોરના ચાર દસ કલાકે પહોંચશે તે જ રીતે બીજી ટ્રેન નંબર ૦૪૧ ૨૯ બાંદ્રા ટર્મિનસ થી સુબેદાર ગંજ તારીખ ૩ ના રોજ સવારે ૧૧:૧૫ કલાકે બાંદ્રાથી ચાલશે અને બીજા દિવસ સાંજના પાંચ કલાકે સુબેદાર ગંજ પહોંચશે ટ્રેન નંબર ૦૨૨૦૦ બાંદ્રા ટર્મિનલ થી વિરારના લક્ષ્મીબાઈ ઝાંસી ટ્રેન નો આરંભ તારીખ સાત માર્ચથી કરાશે અને ૨૮ માર્ચ સુધી ચાલશે તે જ રીતે ઝાંસીથી ચાલતી ૦ ૨૧ ૯૯ નંબરની વિરાગના લક્ષ્મીબાઈ ઝાંસીથી બાંદ્રા ટર્મિનલ ટ્રેનનો આરંભ તારીખ પાંચ માર્ચથી કરાશે અને આ ટ્રેન તારીખ ૨૬ માર્ચ સુધી ચાલવાની જાહેરાત પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવી છે

# નસીરપુર સબ સેન્ટરની મુલાકાત લેતા દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 દાહોદના લોકલાડીલા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નગરાળાના સબ સેન્ટર નસીરપુર ખાતે આકસ્મિક મુલાકાત લાધી હતી. મુલાકાત દરમિયાન ધારાસભ્ય એ સબ સેન્ટર લેવલે નિભાવાતા વિવિધ રજીસ્ટરો તેમજ OPD રજીસ્ટરની તપાસ કરી આરોગ્ય વિભાગના વિવિધ કાર્યક્રમોની વિગતવાર માહિતી મેળવી હતી.ધારાસભ્યએ સબ સેન્ટરમાં મળતી આરોગ્ય સેવાઓ અંગેની આરોગ્ય કર્મચારીઓ સાથે કરી સમીક્ષા કરી કાર્યક્રમોને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે કર્યા સૂચનો કર્યા હતા.

શિવભક્તિ અને સંસ્કૃતિનું સંગમ બનશે ચોસાલા

# ચોસાલા ગામે મહાશિવરાત્રિ પર્વે લોકડાયરા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 દાહોદ જિલ્લાના ચોસાલા ગામમાં આવેલ પવિત્ર શ્રી કેદારનાથ મહાદેવ મંદિર ખાતે આયોજિત થનાર ભવ્ય શિવ મહોત્સવ અને લોકડાયરોને લઈને તૈયારીઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે. આ મહોત્સવના આયોજનના ઉપલક્ષમાં દાહોદ તાલુકાના સંતો અને મહંતોની પાવન હાજરીમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ બી. કિશોરી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આવનારા 14 ફેબ્રુઆરી 2025, શનિવારના રોજ યોજાનાર શિવ મહોત્સવની સમગ્ર રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. લોકડાયરો, સંતવાણી, શિવ ભજન, શિવ તાંડવ નૃત્ય નાટિકા તથા દીપોત્સવ જેવા વિવિધ કાર્યક્રમોને ભવ્ય અને શિસ્તબદ્ધ રીતે યોજવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સંત-મહંતોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું તથા આયોજકોને આશીર્વાદ પાઠવ્યા હતા. ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ સંતો સાથે સંવાદ સાધી જણાવ્યું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં સંસ્કાર, એકતા અને આધ્યાત્મિક ચેતનાને મજબૂત બનાવે છે. તેમણે મહોત્સવમાં આવનાર શ્રદ્ધાળુઓ માટે વ્યવસ્થા, સુરક્ષા અને સુવિધાઓ અંગે પણ જરૂરી સહયોગ આપવાની ખાતરી આપી હતી. શિવ મહોત્સવ દરમિયાન હજારો દીવડાઓથી મંદિર પરિસરમાં યોજાનાર દીપમાલા, મહાપ્રસાદી ભંડારો તથા ખ્યાતનામ કલાકારોની રજૂઆતથી ચોસાલા ગામ ધાર્મિક ઉર્જાનું કેન્દ્ર બનશે તેમ માનવામાં આવી રહ્યું છે.



# દેવગઢબારિયા તાલુકામાં નેશનલ મિશન ઓન પ્રાકૃતિક તાલીમ યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના વિવિધ ગામોમાં ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત સેવનીયા ગામમાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત ઓરીએન્ટેશન પ્રોગ્રામ હેઠળ ખેડૂતો માટે તાલીમ યોજવામાં આવી હતી. આ દરમ્યાન પ્રગતિશીલ ખેડૂતોએ અન્ય ખેડૂતોને રાસાયણિક ખેતીથી જમીન, આરોગ્ય અને પર્યાવરણને થતા નુકસાન અંગે સમજ આપી હતી. પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેક્ટીકલ થકી સમજાવવા સહિત માર્ગદર્શન આપ્યું હતું.

પંચમહાલ જિલ્લાના પઢીયાર નળ સે જળ યોજનામાં ભ્રષ્ટાચારની ગંધ

# તંત્રના તપાસ અહેવાલ સામે વિકાસ કમિશનરને પુનઃ રજૂઆત

સંપ સુધી પાઈપલાઈન નેટવર્ક ઉપલબ્ધ નથી, તેમ છતાં રેકોર્ડમાં પાણીનું પંપિંગ ચાલુ દર્શાવાતા ગેરરિત આચરાયાની શંકા

(પ્રતિનિધિ) ગોધરા, તા. 11 પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢીયાર ગામે અમલમાં આવેલી નળ સે જળ યોજનામાં થયેલી ગેરરીતિઓ છુપાવવાના પ્રયાસોના આક્ષેપ સાથે તંત્ર દ્વારા રજૂ કરાયેલા તપાસ અહેવાલ સામે અરજદાર કાનાભાઈ પરમારે વિકાસ કમિશનર અને કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓને પુનઃ રજૂઆત કરી છે. રજૂઆતમાં તંત્રના અહેવાલમાં કરાયેલા દાવાઓને તથ્ય વિહોણા ગણાવી સજ્જડ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.



અરજદારે જણાવ્યું છે કે અહેવાલમાં ગ્રામજનોએ સ્વૈચ્છિક રીતે પાણી લેવાની ના પાડી હોવાનું જણાવાયું છે, જે માટે સંબંધિત ગ્રામજનોના સોગંદનામા રજૂ કરવાની માંગ કરવામાં આવી છે. વધુમાં, તંત્રના અહેવાલમાં સ્વીકારાયું છે કે સંપ સુધી પાઈપલાઈન નેટવર્ક ઉપલબ્ધ નથી, તેમ છતાં રેકોર્ડમાં પાણીનું પંપિંગ ચાલુ દર્શાવાતા ભ્રષ્ટાચાર થતો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. યોજનામાં ઉપયોગ માટે ફાળવવામાં આવેલી આંગણવાડી અને પંચાયત ઘર પાસેની મોટરો સ્થળ પરથી ગાયબ હોવાની બાબતે પણ ઊંડાણપૂર્વક તપાસની માંગ કરાઈ છે. સાથે જ, જૂના પંચાયત ઘરમાં લાંબા સમયથી પડેલી પાઈપોના જથ્થા તથા બિનવારસી સિમેન્ટની ગુણીઓ કોની છે તેની તપાસ કરી સરકારમાં જમા લેવા રજૂઆત કરવામાં આવી છે.

કાલોલના અંબાલાલ પાર્ક સોસાયટીમાં આવન-જાવન કરવાનુ પ્રકરણ

# અવરજવર અટકાવવા માગતી વચગાળાની મનાઈ અરજી કોર્ટ દ્વારા ફગાવી દેવાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા. 11 કાલોલના અંબાલાલ ચંદુભાઈ પટેલ દ્વારા પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ કોર્ટમાં (૧) રાવજીભાઈ શનાભાઈ પટેલ, (૨) મહેન્દ્રભાઈ શનાભાઈ પટેલ, (૩) ચીફ ઓફિસર - કાલોલ નગરપાલિકા, (૪) મામલતદાર કાલોલ તથા (૫) કલેક્ટર પંચમહાલ સામે સિવિલ દાવો દાખલ કરવામાં આવ્યો હતો. વાદીએ પોતાની માલિકીની સર્વે નંબર ૩૯૧ (જુનો સર્વે નં. ૧૧૦/૨) પર નિર્મિત અંબાલાલ પાર્ક સોસાયટીમાં કુલ ૧૭ રહેણાંક મકાન હોવાની તેમજ એક કોમન પ્લોટમાંથી તમામ પ્લોટધારકો માટે અવરજવરનો રસ્તો હોવાની દલીલ કરી હતી. વાદી દ્વારા આ રસ્તા પર પાટિયા અને દિવાલ બનાવી અવરોધ ઉભો કરાતા પ્રતિવાદીઓની સર્વે નંબર ૩૯૦ની જમીનમાં જવા-આવવાનો એકમાત્ર રસ્તો બંધ થતો હોવાનું મુદ્દો સામે આવ્યો હતો. અને તેથી પોતાની જમીનમાંથી અવરજવર અટકાવવા માટે વચગાળાની મનાઈ હુકમ માંગ્યો હતો. આ અગાઉ વર્ષ ૨૦૨૪માં અંબાલાલ પાર્ક-૧ સોસાયટીના રહીશોએ અન્ય સોસાયટીમાં જવાના રસ્તા પર ફેન્સિંગ અને દિવાલ ઊભી કરી હતી, જેના વિરોધમાં મહેન્દ્રભાઈ શનાભાઈ પટેલ દ્વારા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં તા. ૨૯-૦૬-૨૦૨૪ના રોજ તમામ લોકો માટે રસ્તાનો ઉપયોગ ખુલ્લો રાખવા દિવાલ દૂર કરવાની સૂચના આપવામાં આવી હતી. પછી કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસરે તા. ૦૯-૦૭-૨૦૨૪ના રોજ ત્રણ દિવસમાં દિવાલ દૂર કરવાની નોટિસ આપી હતી. સમયમર્યાદા પૂર્ણ થતાં તા. ૧૫-૦૭-૨૦૨૪ના રોજ નગરપાલિકા સ્ટાફ, નાયબ મામલતદાર, સર્કલ મામલતદાર અને પોલીસ સ્ટાફની હાજરીમાં દિવાલ તોડી નાખવામાં આવી હતી. આ જ દિવસે વાદીએ રેગ્યુલર સિવિલ દાવો નં. ૪૭/૨૦૨૪ દાખલ કર્યો હતો.



દાવાની સુનાવણી દરમ્યાન પ્રતિવાદીઓ તરફે એડવોકેટ પી.પી. સોલંકી હાજર રહ્યા હતા. તમામ દલીલો અને પુરાવાઓના આધારે કાલોલના પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ એફ.બી. પઠાણે વાદીની વચગાળાની મનાઈ અરજી નામંજુર કરી છે.